# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

**1.** રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીએ જાહેર કરેલા એક વિડિયો સંદેશમાં ભારતનાં ગગનયાન અભિયાન અને અવકાશ સ્ટેશન સ્થાપવાનો ઉલ્લેખ કર્યો

**2.** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાનાં અંતમાં ચીન અને જાપાનના ચાર દિવસના પ્રવાસે જશે

**3.** બિહારમાં એક માર્ગ અકસ્માતમાં આઠ લોકોનાં મોત

**4.** પાકિસ્તાનના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ગ્લેસિયર વિસ્ફોટમાં 300 થી વધુ મકાનો અને દુકાનો નાશ પામી

**5.** હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાનમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM SPACE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું છે કે ભારત સેમી-ક્રાયોજેનિક એન્જિન અને ઇલેક્ટ્રિક પ્રોપલ્શન જેવી અદ્યતન ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, અને ટૂંક સમયમાં ગગનયાન મિશન શરૂ કરશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી સમયમાં, ભારત પોતાનું અવકાશ મથક બનાવશે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – CRIO ENGINE

એક વિડિઓ સંદેશમાં રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે વૈજ્ઞાનિકો અને તમામ યુવાનો સહિત અવકાશ ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેકને શુભેચ્છા પાઠવીતા શ્રી મોદીએ કહ્યું કે ટૂંકા સમયમાં , રાષ્ટ્રીય અવકાશ દિવસ યુવાનોમાં ઉત્સાહ અને આકર્ષણનો પ્રસંગ બની ગયો છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – BEYOND HORIZANS

પાક વીમા યોજનાઓ સેટેલાઇટ-આધારિત મૂલ્યાંકન , માછીમારોને ઉપગ્રહો દ્વારા સલામતી માહિતી પ્રાપ્ત કરવી, આપત્તિ વ્યવસ્થાપન સહાય સહીતના ક્ષેત્રોમાં ભૂ-અવકાશી ડેટાનો ઉપયોગ થઇ રહ્યો હોવાનો પણ તેમણે ઉલ્લેખ કરીને અવકાશયાત્રી ગૃપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથની તેમની મુલાકાતને વર્ણવી હતી.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – SHUBHANSHU SHUKLA

પ્રધાનમંત્રીએ વધુમાં પ્રકાશિત કર્યું કે આજે અવકાશ ક્ષેત્રમાં ભારતની પ્રગતિ સામાન્ય નાગરિકોના જીવનને સરળ બનાવી રહી છે.

. . . . . . .

# PM-JAPAN-CHINA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15માં  ભારત-જાપાન વાર્ષિક સમ્મેલનમાં ભાગ લેવા 29 અને 30 ઓગસ્ટ  જાપાનની મુલાકાતે રહેશે.

બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર  દરમિયાન તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન સંમેલનમાં ભાગ લેવા માટે ચીનની મુલાકાત લેશે.

ઉપરાંત, પ્રધાનમંત્રી મોદી સમિટમાં ભાગ લેનારા ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરી શકે છે.

સાંભળીએ એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – MIGI GNAYANI)**

. . . . . . . .

# BIHAR ACCIDENT

બિહારમાં પટણા જિલ્લાના દાનિયાવન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજે સવારે એક માર્ગ અકસ્માતમાં આઠ લોકોનાં મોત થયાં હતાં અને પાંચ અન્ય ઘાયલ થયાં હતાં.

પોલીસે જણાવ્યું હતું કે દાનિયાવાનમાં રાજ્ય ધોરીમાર્ગ પર સિગ્રિયાવા સ્ટેશન નજીક એક ઓટોરિક્ષાને એક ટ્રકે ટક્કર મારતા આ અકસ્માત થયો હતો, જ્યારે જેમાં આઠ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

પાંચ ઘાયલોને પટણાની પીએમસીએચ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ મૃતકો નાલંદા જિલ્લાના હિલ્સા પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળે છે. તમામ મુસાફરો ગંગા નદીમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે ફતુહામાં ત્રિવેણી ઘાટ તરફ જઈ રહ્યા હતા.

. . . . .

# PUNJAB-LPG TANKAR BLAST

પંજાબમાં, હોશિયારપુરમાં ગઈકાલે મોડી રાત્રે થયેલા વિસ્ફોટ બાદ **LPG** ટેન્કરમાં આગ લાગવાથી બે લોકોના મોત થયા છે અને **23** લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ , નજીકના ઘરો અને દુકાનોમાં આગ લાગી હતી જેના કારણે મૃત્યુ થયાં હતા અને લોકો દાઝી ગયા હતા. હોશિયારપુર સિવિલ હોસ્પિટલના સિનિયર મેડિકલ ઓફિસર ડૉ. કુલદીપ સિંહે જણાવ્યું હતું કે ઘટના બાદ શુક્રવારે રાત્રે **23** દાઝી ગયેલા લોકોને દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી **15** લોકોને સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી આદેશ સુધી તે રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે

. . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

........

# UTTARAKHAND CLOUD-BURST

ઉત્તરાખંડમાં, ચમોલી જિલ્લામાં રાતોરાત ભારે વરસાદને કારણે થરાલી તાલુકામાં વ્યાપક નુકસાન થયું છે. વરસાદનો કાટમાળ રહેણાંક ઇમારતો , દુકાનો અને સરકારી પરિસરમાં ઘૂસી ગયો છે. એક યુવતી કાટમાળ નીચે ફસાયેલી હોવાની આશંકા છે.

થરાલી તાલુકા મથક , કેદારબાગડ, રાદીબાગડ અને ચેપડો સહિત અનેક વિસ્તારો પણ ભારે વરસાદથી પ્રભાવિત થયા છે. પોલીસ અને વહીવટી ટીમો બચાવ અને રાહત કામગીરીમાં સક્રિય રીતે રોકાયેલી છે ,. કાટમાળથી અનેક વાહનોને પણ નુકસાન થયું છે.

આ દરમિયાન, રાજ્યમાં ભારે વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે દેહરાદૂન , નૈનિતાલ, બાગેશ્વર અને પિથોરાગઢમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

. . .

# RRU-SSB MOU

રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ શિક્ષણ માટે સમર્પિત અગ્રણી રાષ્ટ્રીય યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને સશસ્ત્ર સીમા બળ અલવરએ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે , જે ભારતના સુરક્ષા ક્ષેત્રમાં વ્યાવસાયિક તાલીમ અને શૈક્ષણિક સહયોગના વિકાસમાં એક નવો અધ્યાય ખોલે છે.

આ જોડાણ તાલીમાર્થીઓને અત્યાધુનિક શૈક્ષણિક અને વ્યાવસાયિક મોડ્યુલોનો અનુભવ પૂરો પાડશે જ નહીં પરંતુ આંતરિક સુરક્ષા , સરહદ વ્યવસ્થાપન અને કાયદા અમલીકરણના વિકસતા પડકારોનો વધુ કાર્યક્ષમતા સાથે સામનો કરવા માટે તેમની તૈયારીમાં પણ વધારો કરશે.રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી એક રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસિંગ યુનિવર્સિટી તરીકે , દેશભરમાં વિવિધ રાષ્ટ્રીય સુરક્ષા સંગઠનોના કર્મચારીઓને ડિપ્લોમા અને ડિગ્રી પ્રમાણપત્ર પ્રદાન કરી રહ્યું છે.

. . . . . . .

# IAF-EXERCISE

ભારતીય સશસ્ત્ર દળો, અરુણાચલ પ્રદેશ સરહદ નજીક આસામના લખીમપુર જિલ્લામાં ડુલુંગ રિઝર્વ ફોરેસ્ટની સ્થિત ડોલુંગમુખ ફાયરિંગ રેન્જ ખાતે મોટા પાયે કવાયત શરૂ કરશે.

પહેલી સપ્ટેમ્બરથી શરૂ થનારી અને 31 ડિસેમ્બર સુધી ચાલુ રહેવાની તાલીમ કામગીરીમાં જીવંત બોમ્બ વિસ્ફોટ , રોકેટ લોન્ચ અને હવાઈ ફાયરપાવર પ્રદર્શનનો સમાવેશ થાય છે. લખીમપુર જિલ્લા વહીવટીતંત્રે , વન વિભાગ સાથે સંકલનમાં, કવાયત દરમિયાન આ વિસ્તારમાં નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો છે.

અધિકારીઓએ સ્થાનિક રહેવાસીઓને સાવચેતી રાખવા , પ્રતિબંધિત ક્ષેત્રની નજીક ન જવા અને જીવન અને સંપત્તિને સંભવિત નુકસાન ટાળવા માટે સતર્ક રહેવા વિનંતી કરી છે.

. . .

## PAK-GLACIER

પાકિસ્તાનના કબજા હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનના ગીઝર જિલ્લામાં ગ્લેસિયર વિસ્ફોટમાં 300 થી વધુ મકાનો અને ડઝનેક દુકાનો નાશ પામી છે, જેના કારણે ભૂસ્ખલન થયું છે અને ભારે પૂર આવ્યું છે.

અહેવાલો અનુસાર, બચાવ અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે કૃત્રિમ તળાવની રચના પછી સ્થાનિક લોકોમાં ભય ફેલાયો હોવાથી ઓછામાં ઓછા 200 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, જેના કારણે વ્યાપક આર્થિક નુકસાન થયું હતું.

. . . . .

# US ACCIDENT

અમેરિકામાં ન્યૂ યોર્ક સ્ટેટ થ્રુવે પર બસ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. નાયગ્રા ફોલ્સથી ન્યૂ યોર્ક સિટી પરત ફરી રહેલી 52 મુસાફરોને સાથેની બસના ચાલકે કાબુ ગુમાવ્યા બાદ પલટી ગઈ હતી.

અધિકારીઓનું કહેવું છે કે કેટલાક મુસાફરો બસમાંથી બહાર નીકળી ગયા હતા, અને ઘણાએ સીટબેલ્ટ પહેર્યા નહોતા. અન્ય લોકો કલાકો સુધી કાટમાળમાં ફસાયેલા રહ્યા હતા. રાજ્ય પોલીસ હજુ પણ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

. . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાનમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગે આગામી 2 થી 3 દિવસ સુધી દિલ્હી , હરિયાણા, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, ચંદીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, પશ્ચિમ મધ્યપ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તરીય ક્ષેત્રમાં ઘણી જગ્યાએ મુશળધાર વરસાદની આગાહી કરી છે. ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

આજે બિહાર, કર્ણાટકના આંતરિક ભાગો, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં કેટલાક સ્થળોએ વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી પણ કરી છે.

. . . . .